# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૩
અંક : ૧૦

૨૦૧૯ : ઓક્ટોબર
આજીવન : રૂ. ૧૦૦૦/–

**: તંત્રી :**

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

“શ્રી બ્રહ્મધામ”, મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,
મહુધા–૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮–૨૫૭૨૦૪૪

**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

આપના ઘરમાં હંમેશાં ધનની વર્ષા રહે, લક્ષ્મી માતાનો વાસ રહે, સંકટનો નાશ થાય અને શાંતિનો વાસ રહે. દીપાવલી તથા આવનારૂ નૂતન વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ.

## શુભ દિપાવલી !! નૂતન વર્ષાભિનંદન !!

શ્રી મહાવીરપ્રસાદ દેસાઈ (તંત્રી)

તથા તંત્રીમંડળના સભ્યો, બાજખેડાવાળ પત્રિકા

++++++

શ્રી રાજેશભાઈ દવે (પ્રમુખશ્રી) શ્રી જગતભાઈ દવે (મંત્રીશ્રી)

તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

++++++

શ્રી અરૂણભાઈ શેલત (પ્રમુખશ્રી) શ્રી પ્રણવભાઈ જોષી (મંત્રીશ્રી)

તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-**

| | | | |
|---|---|---|---|
| ૧. | નિમેષકુમાર ત્રિલોકચંદ્ર દવે | અમદાવાદ | ૪૬૨૦ |
| ૨. | કલ્પેશકુમાર જી. દવે | બેંગ્લોર | ૪૬૨૧ |
| ૩. | અચ્યૂત ભટ્ટ | મુંબઈ | ૪૬૨૨ |
| ૪. | કુશલ હિરેનકુમાર ભટ્ટ | અમદાવાદ | ૪૬૨૩ |
| ૫. | મનોજકુમાર વિનયચંદ્ર ભટ્ટ | ગાંધીનગર | ૪૬૨૪ |

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના**

**વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. પરિમલ એ. દવે | વડોદરા | રૂ. ૨૫૦૦ |
| ૨. | ઉપેન્દ્ર દવે | યુ.એસ.એ. | રૂ. ૨૫૦૦૦ |

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકાર મંડળી લી.**

**વિદ્યોતેજક ફંડના દાતાશ્રી**

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉપેન્દ્ર દવે | યુ.એસ.એ. | રૂ. ૨૫૦૦૦ |

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય–૬, આત્મસંયમ યોગ

જે માણસ કર્મફળનો આશ્રય લીધા વિના કરવા યોગ્ય કર્મો આચરે છે એ જ સાચો સંન્યાસી તેમજ યોગી પણ છે. કેવળ અગ્નિનો ત્યાગ કરનાર સંન્યાસી નથી અને માત્ર ક્રિયાઓનો ત્યાગ કરનાર યોગી નથી. સંન્યાસ અને યોગ બેઉ એક સમાન જ કહેવાય છે. કેમ કે ફક્ત સંકલ્પનો ત્યાગ કરનાર કોઈ પણ માણસ યોગી નથી હોતો. યોગમાં આરૂઢ થવા માગનાર માણસ માટે નિષ્કામ ભાવે કર્મ કરવું એજ યોગની પ્રાપ્તિમાં હેતુ કહેવાય છે. યોગારૂઢ થયા બાદ એ માણસમાં સમસ્ત સંકલ્પોનો અભાવ જણાય છે અને એ જ કલ્યાણમાં હેતુ કહેવાય છે. જે માણસ ઈન્દ્રિયોના ભોગોમાં કે કર્મોમાં આસક્ત નથી થતો એ સઘળા સંકલ્પોનો ત્યાગી માણસ યોગારૂઢ કહેવાય છે.

દરેક માણસ પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ બંને છે, કેમકે દરેક માણસ પોતે જ પોતાનો સંસાર સાગરથી ઉદ્ધાર કરે છે અને એથી વિરુદ્ધ અધોગતિમાં પણ નાખે છે. જે જીવાત્મા દ્વારા મન અને ઈન્દ્રિયો સહિત શરીરને પણ જીતવામાં આવ્યુ એના પ્રતિ એ પોતે જ  શત્રુની જેમ શત્રુતામાં વર્તે છે.

ઠંડી–ગરમીમાં, સુખ–દુ:ખાદિમાં તથા માન–અપમાનમાં જેના અંત:કરણની વૃત્તિઓ સમ્યક રીતે શાંત છે, એવા સ્વાધીન આત્માવાળા મનુષ્યના જ્ઞાનમાં સચ્ચિદાનંદઘન પરમાત્મા સમ્યક રીતે સ્થિત છે એટલે કે એના જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજું કશું છે જ નહીં. જેનું અંત:કરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે, જેની સ્થિતિ વિકારરહિત છે, જેની ઈન્દ્રિયો સારી પેઠે જીતાયેલી છે તેમજ જેના માટે માટી, પથ્થર અને સોનુ એક સમાન છે, એ યોગી યુક્ત એટલે કે ભગવતપ્રાપ્ત કહેવાય છે.

સુહ્રદ, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય તેમજ બંધુગણોમાં, ધર્માત્માઓમાં અને પાપીઓમાં પણ સમાન ભાવ રાખનાર ઘણો શ્રેષ્ઠ છે. મન અને ઈન્દ્રિયો સહિત શરીરને વશમાં રાખનાર અને સંગ્રહરહિત યોગી એકલો જ એકાંત સ્થળે સ્થિત થઈને આત્માને નિરંતર પરમાત્મામાં જોડે છે. પવિત્ર ભૂમિ પર દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર પાથરી, આસન પર બેસીને ચિત્ત અને ઈન્દ્રિયોની ક્રિયાઓને વશમાં રાખી, મનને એકાગ્ર કરીને અંત:કરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે. કાયા, મસ્તક અને ડોકને સીધાં રાખી સ્થિર થઈ પોતાની નાસિકાના અગ્ર ભાગે દૃષ્ટિ ટેકવીને અન્ય દિશાઓમાં ન જોતાં બ્રહ્મચારીના વ્રતમાં સ્થિત, નિર્ભય તથા સમ્યક રીતે શાંતિ અંત:કરણનો સાવધાન યોગી મનને સંયત કરી ચિત્તને ઈશમાં જોડી અને ઈશ્વર પરાયણ થઈને ધ્યાનમાં બેસે તો વશ કરેલા મનનો યોગી આ રીતે આત્માને નિરંતર પરમેશ્વરના સ્વરૂપમાં જોડાતાં ઈશ્વરમાં રહેલી પરમ આનંદની પરાકાષ્ઠાસ્વરૂપ શાંતિને પામે છે.

યોગ કદી ખૂબ ખાનારનો કે બિલકુલના ખાનારનો સિદ્ધ થતો નથી તેમજ હંમેશા જાગનારનો યે સિદ્ધ થતો નથી. સર્વ દુ:ખોનો નાશ કનાર યોગ તો યથાયોગ્ય આહાર–વિહાર કરનારનો, કર્મોમાં યથાયોગ્ય ચેષ્ટા કરનારનો તથા યથાયોગ્ય ઊંઘનાર તેમજ જાગનારનો જ સિદ્ધ થાય છે. સંપૂર્ણ વશમાં કરેલું ચિત્ત જે વખતે પરમાત્મામાં જ સમ્યક રીતે સ્થિત થઈ જાય છે. એ વખતે સમસ્ત ભોગોથી નિ:સ્પૃહ થયેલો માણસ યોગયુક્ત કહેવાય છે.

જે રીતે વાયુ વિનાના સ્થાનમાં રહેલી દિવાની જ્યોત ડોલતી નથી. એવી જ ઉપમાન પરમાત્માના ધ્યાનમાં લાગેલા યોગીના જીતાયેલા ચિત્તની કહેવાય છે. યોગના અભ્યાસથી નિરુદ્ધ થયેલું ચિત્ત જે અવસ્થામાં ઉપરતિ પામે છે અને જે અવસ્થામાં પરમાત્માના ધ્યાનને લીધે શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરતો સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સંતુષ્ટ રહે છે. ઈન્દ્રિયોથી અતીત, માત્ર શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગ્રહણ થઈ શકે એવો જે અનંત આનંદ છે. એને જે અવસ્થામાં અનુભવે છે અને જે અવસ્થામાં સ્થિત આ યોગી પરમાત્માના સ્વરૂપથી કદીય વિચલિત થતો જ નથી. પરમાત્માની પ્રાપ્તિરૂપી જે લાભને પામીને એનાથી વધુ બીજા કશા લાભને નથી માનતો અને પરમાત્માની પ્રાપ્તિસ્વરૂપ જે અવસ્થામાં રહેલો યોગી ઘણા ભારે દુ:ખથી પણ વિચલિત નથી થતો. જન્મ–મરણના દુ:ખરૂપ સંસાર સાથેના સંયોગથી જે રહિત છે તથા જેનું નામ યોગ છે, એને જાણવો જોઈએ, એ યોગ નહી કંટાળેલા એટલે કે ધૈર્યશીલ અને ઉત્સાહી ચિત્તથી નિશ્ચયપૂર્વક કરવો જોઈએ.

સંકલ્પથી ઉત્પન્ન થતી સઘળી કામનાઓ સમૂળી ત્યજીને, તેમજ મન વડે ઈન્દ્રિયોના સમુદાયને બધી બાજુથી સમ્યક રીતે રોકીને ક્રમેક્રમે અભ્યાસ કરતો ઉપરતિને પામે તથા ધૈર્યશીલ બુદ્ધિ દ્વારા મનને પરમાત્મામાં સ્થિત કરીને પરમાત્મા સિવાય બીજા કશાયનું ચિંતન ન કરે.

આ સ્થિર ન રહેનારું અને ચંચળ મન જે જે શબ્દાદી વિષયના નિમિત્તે સંસારમાં વિચારે છે, તે તે વિષયમાંથી રોકીને એને વારંવાર પરમાત્મામાં જ નિરૂદ્ધ કરવું. કેમ કે જેનું મન સમ્યક રીતે શાંત છે. જે નિષ્પાપ છે અને જેનો રજોગુણ શાંત થઈ ચૂક્યો છે. એવા યોગીને ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે. એ પાપ વિનાનો યોગી આ પ્રમાણે નિરંતર આત્માને પરમાત્મામાં જોડતો સુખેથી પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ સ્વરૂપ અનંત આનંદનો અનુભવ કરે છે. સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે રહેવારૂપી યોગથી યુક્ત આત્મવાન તેમજ સૌમાં સમભાવે જોનાર યોગી આત્માને સર્વભૂતોમાં રહેલો અને સર્વભૂતોને આત્મામાં કલ્પિત જૂએ છે. જે માણસ સઘળાં ભૂતોમાં સહુના આત્મારૂપ ઈશને જ વ્યાપેલ જુએ છે અને સઘળાં ભૂતોને ઈશ્વરની અંતર્ગત જુએ છે, એને માટે હું અદૃશ્ય નથી હોતો અને એ મારે માટે અદૃશ્ય નથી હોતો. જે માણસ એકાત્મભાવમાં સ્થિર થઈને સર્વ ભૂતોમાં આત્મરૂપે રહેલા મુજ સચ્ચિદાનંદઘન વાસુદેવને ભજે છે. એ યોગી સર્વ રીતે વર્તવા છતાં મારામાં જ વર્તે છે. જે યોગી પોતાની જેમ સઘળાં ભૂતોમાં સમ જુએ છે. તેમજ સુખ અથવા દુઃખને ય બધામાં સમ જુએ છે. એ યોગી પરમ શ્રેષ્ઠ મનાયો છે.

સામાન્યપણે માનવીનું મન ચંચળ, પ્રમથનનું સ્વભાવનું, અત્યંત દૃઢ અને બળવાન હોવાને લીધે એને વશમાં કરવાનું વાયુને રોકવા જેવું દુષ્કર છે. છતાંયે મનને અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં કરી શકાય છે. જેનું મન વશમાં કરાયેલું નથી એવા માણસ દ્વારા યોગ દુષ્પ્રાપ્ય એટલે કે પ્રાપ્ત થવો મુશ્કેલ છે અને જેને મનને વશ કર્યું છે એવા પ્રત્યનશીલ માણસ દ્વારા સાધન વડે એ પ્રાપ્ત થવો મૂશ્કેલ છે અને જેને મનને વશ કર્યું છે એવા પ્રયત્નશીલ માણસ દ્વારા સાધન વડે એ પ્રાપ્ત થવો સહજ છે. જે યોગમાં શ્રદ્ધા તો ધરાવે છે, પણ સંયમી નથી એ કારણે જેનું મન યોગથી વિચલિત થઈ જાય છે એવો સાધક યોગીનો ન તો આ લોકમાં વિનાશ થાય છે કે ના પરલોકમાંય, કેમકે આતમોદ્ધાર માટે અર્થાત ભગવતપ્રાપ્તિ અર્થે કર્મ કરનાર કોઈ પણ મનુષ્ય દુર્ગતિને પામતો નથી. યોગભ્રષ્ટ માણસ પુણ્યશાળીઓના લોકોને એટકે કે સ્વર્ગ વગેરે ઉત્તમ લોકોને પામીને ત્યાં ઘણાં વર્ષો સુધી નિવાસ કર્યા પછી શુદ્ધ આચરણશીલ ધનવાનોના ઘરે જન્મ લે છે અથવા આ સિવાયના જે વૈરાગ્યવાન યોગભ્રષ્ટ હોય છે, એવા માણસોએ લોકોમાં ન જતાં જ્ઞાનવાન યોગીઓના કુળમાં જન્મે છે. પરંતુ આ પ્રકારનો જે આ જન્મ છે. એ સંસારમાં ઘણો જ દુર્લભ છે. ત્યાં તે પૂર્વજન્મના શરીરમાં સંઘરેલા બુદ્ધિસંયોગને એટલે કે સમબુદ્ધિસ્વરૂપ યોગના સંસ્કારોને અનાયાસે જ પામે છે અને એ પ્રભાવને લીધે એ ફરીથી પરમાત્માની પ્રાપ્તિરૂપી સિદ્ધિ માટે પહેલા કરતાં પણ વધુ પ્રયત્ન કરે છે તથા જે શ્રીમંતોના ઘરે જન્મ લેનાર યોગભ્રષ્ટ છે તે પરાધીન હોવા છતાં એ પૂર્વજન્મના અભ્યાસના બળે જ નિઃશંકપણે ભગવાન પ્રત્યે આકર્ષાય છે અને સમબુદ્ધિસ્વરૂપ યોગનો જિજ્ઞાસુ પણ વેદમાં કહેલા સકામ જર્મોના ફલને ઓળંગી જાય છે. પરંતુ પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનાર યોગી તો પાછલા અનેક જન્મોના સંસ્કારબળે આ જ જન્મે સંસિદ્ધ થઈ સમગ્ર પાપોથી રહિત થયા બાદ તત્કાળ જ પરમ ગતિને પામે છે. યોગીઓ તપસ્વીઓ કરતાં પણ શ્રેષ્ઠ છે. શાસ્ત્રજ્ઞોથી ય શ્રેષ્ઠ મનાયા છે અને સકામ કર્મ કરનારાઓથી ય યોગી શ્રેષ્ઠ છે. તદુપરાંત સઘલા યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી મારામાં જોડાયેલા અંતરાત્માથી ઈશને નિરંતર ભજે છે. એ ટીગી ઈશન સૌરહી શ્રેષ્ઠ માન્ય છે.

આમ જીવનમાં સહુ માનવીઓ માટે સંયમ સાથે યોગનું પરમ મહત્વ અધ્યાયમાં વર્ણવિત કરેલું છે, જે સહુ કોઈ માટે ફાયદાપ્રદ છે.

**લિ. મહાવીરપ્રસાદ દેસાઈ**
**તંત્રી – બાજખેડાવાળ પત્રિકા**
**સંકલન – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૨મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ તા. ૨૯-૧૨-૨૦૧૯

### પ્રમુખશ્રી રાજેશભાઈ પી. દવેનું નિવેદન



*વ્હાલા જ્ઞાતિજનો*

*આપ સૌના સાથ અને સહકારથી આપ સૌ દ્વારા મારામા મુકેલા વિશ્વાસથી જ ગઈસાલ આપણે સૌના સહિયારા પ્રયત્નોથી આશાપુરી મુકામે આયોજીત અધિવેશન ભવ્ય રીતે પાર પાડી શક્યા. ફરી એક વખત આપ સૌના સાથ અને સહાકારથી અને સહિયારા પ્રયત્નથી આગામી ૩૨મું રાષ્ટ્રીય અધિવેશન આણંદ મુકામે યોજાનાર છે. આ પ્રસંગે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પ્રમુખ તથા શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદના મંત્રી તરીકે આપ સૌને આવકારતા હું હર્ષ, આનંદ અને અહેસાનની લાગણી અનુભવું છું. મારા પ્રમુખપણાના સમગ્ર સમય દરમ્યાન શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખ હાલમાં ટ્રસ્ટી શ્રી કિરીટકુમાર દવે તરફથી મને સતત આર્થિક, માનસિક આત્મબળ પૂરૂ પાડવામાં આવેલ છે. તેઓશ્રી દ્વારા આ અધિવેશનોમાં નહીં અગાઉના અધિવેશનોમાં પણ સુંદર આયોજન કરવા માટેના પ્રયત્નો થયેલા છે જ. આ તબક્કે તેઓનો હું સવિશેષ આભાર માનું છું. સાથે સાથે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, ખજાનચીશ્રી, તથા કારોબારી સભ્યોનો ખૂબ જ અંતઃકરણપૂર્વક ઋણી છું.*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની કારોબારી માત્ર ને માત્ર જ્ઞાતિની વિધવા નિઃસહાય બહેનોના ફંડ વધારવાના પ્રયત્નોમાં સતત પ્રયત્નશીલ રહેલ છે અને રહેશે તેમાં શંકાને સ્થાન નથી.*

*મારા કાર્યકાળ દરમ્યાન દાતાઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ તેમજ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અમારા કાર્યમાં મદદ કરવા માટે નામી – અનામી સૌ જ્ઞાતિજનોનો હું આ તબક્કે આભારી છું. આપ સૌને આવનાર ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં ગામેગામની પ્રમુખો પાસેથી પાસ મેળવી લેવા મારી નમ્ર વિનંતી છે અને અધિવેશનમાં પધારવા સૌને મારી આમંત્રણ છે.*

**– શ્રી રાજેશભાઈ પીનાકીનપ્રસાદ દવે – પ્રમુખશ્રી**

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદનો ઈતિહાસ

## ૩૨મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ , તા. ૨૯, ડિસેમ્બર, ૨૦૧૯

### મંત્રીશ્રી જગતભાઈ દવેનો અહેવાલ



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની સ્થાપનાનો વિચાર તા. ૦૯–૦૨–૧૯૮૬માં શ્રી સ્વામીનારાયણ સંસ્થાના પીઠ ગાદી સ્થાન વડતાલ મુકામે જ્યાં સાક્ષાત લક્ષ્મીનારાયણ દેવ બીરાજમાન છે એવા ધામમાં થયો. ત્યારબાદ જ્ઞાતિ સમાજના વિવિધ લોકો ભેગા થઈ, સભાઓ કરતા આ સભાઓમાં સમાજ સુધારાના ખ્યાલથી શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભા (એટલે કે જ્ઞાતિજનોનું હિત વધારનાર) નામ રાખવામાં આવેલું.*

*શ્રી અખીલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ જે બાજખેડાવાળ સમાજનું રાષ્ટ્રીય એકમ છે અને તે તેના નામથી કાર્યક્ષેત્રની ખબર પડે. મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.*

*(૧) જ્ઞાતિ સમાજની નિરાધાર વ્યક્તિને વિશિષ્ટ સહાય ફંડ દ્વારા દર માસે આર્થિક સહાય અપાય છે.*

*(૨) જ્ઞાતિ સમાજનું મુખપત્રક ‘બાજખેડાવાળ પત્રિકા’ દર માસે પ્રસિદ્ધ કરાય છે.*

*(3) સમાજના વિકાસ માટે રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવે છે.*

*(૧) હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડની રકમમાં વધારો કરવો તેનો કાયમી ટ્રસ્ટ ફંડ તરીકે સ્વીકારવો અને વ્યાજની રકમમાંથી જ વિશિષ્ટ સહાયની ચૂકવણી કરાય છે. છેલ્લા ૧૪ વર્ષના ગાળા દરમ્યાન વિવિધ સ્થળોએ અધિવેશન સંપન્ન કર્યા જેમાં જ્ઞાતિજનોના સાથ સહકારથી રકમમાં વધારો થયો છે. કિરીટભાઈ દવેએ સક્રિય કઠોર પરિશ્રમ તેમજ કુશળતા અને બાહોશ નેતૃત્વ પુરૂ પાડી વિશિષ્ટ સહાય ફંડની રકમ ૨૦૦૪માં રૂા. ૩૭,૭૦,૫૨૨/– થી ૨૦૧૬ના આજ દિન સુધી વર્ષમાં રૂા. **૧,૦૪,૪૫,૦૦૦/–** સુધી પહોંચાડી. દર માસે વિશિષ્ટ સહાય રૂા ૧૩ થી શરૂ કરી ૨૮–૦૧–૨૦૧૮થી માસિક રૂા. ૧૨૦૦/– આપણે ૫૭ કુટુંબને આપીએ છીએ. તેમજ નાની ઉંમરની ૬૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતી બહેનોના બાળકોને ફી પેટે રૂ. ૧૪૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.*

*વિશિષ્ટ સહાય આગળના વર્ષોમાં વધારીને રૂ. ૧૫૦૦/– પ્રતિમાસ આપી શકીએ આ હિતવર્ધક સભાની લાગણી અને સ્વપ્ન સાકાર કરવા આવો આપણે સૌ ભેગા મળીને સહિયારો પ્રયત્ન કરીએ....*

(૨) બાજખેડાવાળ પત્રિકાના માધ્યમથી સમાચારો આપના સુધી પહોચાડવાનો નમ્ર પ્રયાસ થયો છે. લગ્નોત્સુક યુવક-યુવતિઓના જન્માક્ષર, અવસાન નોંધ, અભિનંદન, લેખો, સમાજને જાગૃત કરવાના, કેળવવાના તેમજ શહેર ગામના મંડળો દ્વારા થનાર અને થઈ ગયેલી પ્રવૃતિઓનું સમાચાર માધ્યમથી સંગઠનના ભાગરૂપે બજાવેલ અને થયેલ કામગીરી ઉત્કુષ્ઠ જ્ઞાતિ સમાજને પહોંચાડવાની હોય છે. સમસ્તનો સહકાર સહયોગ લઈને અને આપીને સમાજને વધુ ઉજ્જવળ તેમજ આર્થિક રીતે સદ્ધર બનાવીએ.

પત્રિકાનું મહત્ત્વ દિવસે દિવસે વધતા હાલમાં વિદેશમાં ૯૦ સભ્યો છે અને દેશમાં અંદાજીત ૪૧૫૦ સભ્યો સમગ્ર ભારતમાં છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં જણાવ્યા પ્રમાણે અધિવેશન ભરાયાં. હિતવર્ધક સભાનું પ્રથમ અધિવેશન તા. ૩૧-૧૨-૧૯૧૧ના ઉમરેઠ મુકામે શ્રી દિવાન બહાદુર રણછોડભાઈ દવેના પ્રમુખ સ્થાને મળેલુ હતું.

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૧૯૧૧ | ઉમરેઠ | પ્રમુખ શ્રી દિવાન બહાદુર રણછોડભાઈ દવે |
| (૨) | તા. ૨૯-૧૨-૧૯૧૨ | ડાકોર | પ્રમુખ શ્રી ભાઈશંકર પંડ્યા |
| (૩) | તા. ૨૮-૧૨-૧૯૧૩ | ભરૂચ | પ્રમુખ શ્રી દામોદર જી. જોષી |
| (૪) | તા. ૦૪-૦૪-૧૯૧૫ | નડીયાદ | પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ મહેતા |
| (૫) | તા. ૨૩-૦૪-૧૯૧૬ | આણંદ | પ્રમુખ શ્રી વૈજનાથ પંડ્યા |
| (૬) | તા. ૩/૪-૦૪-૧૯૨૬ | મહુધા | પ્રમુખ શ્રી મંછારામ ભટ્ટ |
| (૭) | તા. ૧૮-૦૫-૧૯૪૭ | ઉમરેઠ | પ્રમુખ શ્રી ડૉ. ચંદુલાલ જોષી |

૧૯૪૭ થી ૧૯૭૨ સંસ્થા સુશુપ્ત રહી ત્યારબાદ સંસ્થા ફરી સક્રિય થઈ જેના સ્વરૂપે આઠમું અધિવેશન ભરાયું.

| | | | |
|---|---|---|---|
| (૮) | તા. ૧૧-૦૬-૧૯૭૨ | અમદાવાદ | પ્રમુખ શ્રી ગણપતલાલ પી. ઠાકર |
| (૯) | તા. ૧૮-૧૧-૧૯૭૩ | નડીયાદ | પ્રમુખ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૦) | તા. ૨૨-૧૦-૧૯૭૪ | અમદાવાદ | પ્રમખુ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૧) | તા. ૧૮/૧૯-૧-૧૯૭૯ | ઉમરેઠ | પ્રમુખ શ્રી નંદશંકર ઉમીયાશંકર દવે |
| (૧૨) | તા. ૨૦-૦૨-૧૯૭૮ | સુરત | પ્રમુખ શ્રી નાનુભાઈ હરિપ્રસાદ દવે |
| (૧૩) | તા. ૦૮-૦૧-૧૯૮૯ | નડીયાદ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૪) | તા. ૨૬-૦૧-૧૯૯૦ | મદ્રાસ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૫) | તા. ૧૦-૦૪-૧૯૯૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી ઘનશ્યામપ્રસાદ શેલત |
| (૧૬) | તા. ૧૮/૧૯-૧૧-૦૨ | જબલપુર | પ્રમુખ શ્રી ભગવતપ્રસાદ એમ. ભટ્ટ |

૧૬મું અધિવેશન જબલપુર મુકામે ૧૨૦૦ ડેલીગેટની હાજરીમાં યોજાઈ ગયું.

| | | | |
|---|---|---|---|
| (૧૭) | તા. ૦૬-૦૨-૦૫ | શ્રી ક્ષીરજાંબા | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૮) | તા. ૨૪/૨૫-૧૨-૦૫ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૯) | તા. ૩૦/૩૧-૧૨-૦૬ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૦) | તા. ૨૯/૩૦-૧૨-૦૭ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |

| | | | |
|---|---|---|---|
| (૨૧) | તા. ૨૭/૨૮-૧૨-૦૮ | અમદાવાદ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૨) | તા. ૨૬/૨૭-૧૨-૦૯ | મદ્રાસ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૩) | તા. ૨૫/૨૬-૧૨-૧૦ | વડતાલ | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૪) | તા. ૨૫-૧૨-૨૦૧૧ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૫) | તા. ૩૦-૧૨-૨૦૧૨ | વસો | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૬) | તા. ૨૮/૨૯-૧૨-૨૦૧૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૭) | તા. ૨૮-૧૨-૨૦૧૪ | મહેમદાવાદ | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૮) | તા. ૨૭-૧૨-૨૦૧૫ | મહુધા | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૯) | તા. ૨૫-૧૨-૨૦૧૬ | ઉમરેઠ | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૦) | તા. ૨૪-૧૨-૨૦૧૭ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૧) | તા. ૩૦-૧૨-૨૦૧૮ | આશાપુરી | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |

તા. ૨૨-૮-૨૦૦૪ના રોજ હિતવર્ધક સભાના અત્યાર સુધીના ઇતિહાસમાં નાની ઉંમરના ખુબ જ ઉત્સાહિત ખંતીલા, સેવાની ભેખ લઈને નિકળેલા શ્રી કિરીટભાઈ દવે પ્રમુખ મળ્યા જેમણે જ્ઞાતિ સમાજની કુળદેવીનું સ્થાન છે. એવા શ્રી ક્ષીરજમ્બા-ખેડબ્રહ્મા મુકામે ૧૭મું અધિવેશન ભરવાનો વિચાર રજૂ કર્યો. સાથે સાથે અંબાજી દર્શન પણ થાય તેવા શુભ આશય સાથે જંગલમાં મંગલ જેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જેમાં જ્ઞાતિસમાજના સભ્યો માટે ફક્ત રૂા. ૫૧/-નું રજીસ્ટ્રેશન રાખેલ હતું. હિતવર્ધક સભાના કારોબારી સભ્યો તેમજ અતિથિ વિશેષશ્રીઓ દ્વારા સુંદર સહયોગ સ્વરૂપે આ અધિવેશનના ૨૧૦૦ સભ્યોએ ભાગ લીધો.

સમગ્ર ખર્ચને બાદ કરતાં અધિવેશનની આવકની બચત રૂા. ૧,૭૩,૦૦૦/- રકમ વિશિષ્ટ સહાય ફંડ ખાતે લઈ જવામાં આવી.

૧૮મા અધિવેશનમાં આણંદ મંડળ દ્વારા રૂ. ૯૪,૦૦૦/-ની રકમ સભાને મળેલ.

૧૯મું રાષ્ટ્રીય અધિવેશન હિતવર્ધક સભાના યજમાન પદે અમદાવાદમાં થયું જેમાં ખર્ચની રકમ બાદ કરતાં રૂા. ૨,૧૩,૩૩૬/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૨૦માં અધિવેશન નડીયાદમાં થયેલ જેમાં નડીયાદ મંડળ દ્વારા રૂ. ૨૦,૦૦૦/-ની રકમનું દાન આપવાનું નક્કી થયેલ.

**ત્યારબાદ ૨૧માં રાષ્ટ્રીય અધિવેશન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા પ્રમુખશ્રી વિઠ્ઠલરાય ભટ્ટ તેમજ કારાબોરી સભ્યોએ ખર્ચની રકમ બાદ કરીને વધતી ૧૦૦% રકમ હિતવર્ધક સભાને રૂા. ૫.૩૦ (અંકે રૂપિયા પાંચ લાખ ત્રીસ હજાર પુરા) જેવી માતબર રકમ હિતવર્ધક સભાને અર્પણ કરેલ છે.**

૨૩મું રાષ્ટ્રીય અધિવેશન વડતાલ મુકામે હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાયેલ જેમાં સંસ્થાને રૂ. ૧,૩૨,૦૦૦/-

૨૪મું રાષ્ટ્રીય અધિવેશન બા.ખે.મંડળ આણંદના સૌજન્યથી મા ક્ષીરજામ્બાના ચરણોમાં યોજાયેલ જેમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં કુલ ૨,૩૪,૦૦૦/-ની રકમ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

૨૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં પણ ૩,૫૩,૦૦૦ જેટલી વિશિષ્ટ સહાય ફંડમાં રકમ મળેલ છે.

૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં હરહંમેશ જ્ઞાતિ પ્રવૃત્તિમાં અગ્રેસર રહેતા યુવાનોને સમાજની પ્રવૃત્તિમાં જોડવાની પહેલ કરવામાં આવી હતી. તત્કાલિન પ્રમુખશ્રી અને સમાજના કાર્યકરોને સાથે મળીને વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં પ્રયાસ કરેલ, જે સરાહનીય છે જેના પરિણામે ૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશરે રૂ. ૧૨ લાખ જેવી માતબર રકમનો વધારો કરી શક્યા છીએ.

૨૭માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહેમદાવાદ સમાજ દ્વારા નફાના ૫૦% ટકા લેખે રૂ. ૧,૩૮,૮૬૫/- તેમજ રૂ. ૧,૦૦,૦૦૦/- એમ મળી કુલ રૂ. ૨,૩૮,૮૬૫નું યોગદાન અધિવેશન પ્રસંગે મળેલ છે.

૨૮માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહુધા સમાજ દ્વારા નફાના ૫૦% ટકા લેખે રૂ. ૧,૧૧,૧૧૧/-નું યોગદાન અધિવેશન પ્રસંગે મળેલ છે.

૨૯માં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉમરેઠ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા અંદાજીત રૂ. ૧૦,૫૫,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં ક્ષીરજામ્બા મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા રૂ. ૫,૦૯,૬૦૨/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશાપુરી મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના યજમાન પદે થયું. જેમાં ખર્ચની રકમ બાદ કરતા રૂ. ૪,૦૧,૧૫૦/-ની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લેવામાં આવી.

૧૯૭૨ થી આ સંસ્થાને સજીવન કરવામાં આવેલ. તે વખતના પ્રમુખશ્રીઓએ જુદા જુદા ગામોની મિલક્ત માટે, વસતિપત્રક માટે, લગ્નપ્રથા, તેમજ સંસ્થાને બંધારણીય દૃષ્ટિએ વ્યવસ્થિત કરવાના પ્રયત્નો કર્યા.

આ વિશિષ્ટ સહાય ફંડ ભેગુ કરવામાં શ્રી નૌતમલાલ ઠાકર, શ્રી ભગવતપ્રસાદ ભટ્ટ, સ્વ. શ્રી હરિવદનભાઈ ત્રિવેદી, શ્રી કિરીટભાઈ દવે, શ્રી શૈલેન્દ્રભાઈ દવે, શ્રી બળવંતભાઈ દવે, શ્રી શૈલેષભાઈ જોષી, શ્રી મહાવીરભાઈ દેસાઈ, શ્રી અનિલભાઈ ઠાકર, શ્રી જગદીશભાઈ દવે, શ્રી અજીતભાઈ દવે જેવા મહાનુભાવો તથા સર્વે દાતાશ્રીઓ તેમજ સંસ્થાના એક યા બીજી રીતે આર્થિક સહાય પૂરી પાડનાર સર્વે જ્ઞાતિજનોનો સિંહફાળો રહેલો છે. ૧૯૭૬માં રૂ. ૧૨ થી શરૂ કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ સહાયની રકમ વધતા ૧૯૮૬માં રૂા. ૫૦, ૧૯૯૮-૯૯માં રૂા. ૧૫૦/- ત્યારબાદ રૂા. ૧૮૦/-, રૂા. ૨૦૦/, રૂા. ૨૫૦/- રૂા. ૪૨૫/-, રૂા. ૪૭૫/-, રૂ. ૬૦૦/- તેમજ ૧-૧૨-૨૦૧૪થી રૂ. ૭૫૦/-, તા. ૧-૧૨-૨૦૧૫થી રૂ. ૧૦૦૦/-આપવાના શરૂ કરેલ છે. જે રકમ હવે આગામી તા. ૨૮-૧-૨૦૧૮થી રૂ. ૧૨૦૦/- આપવાનું ઠરાવેલ છે.

*હાલની મોંઘવારીમાં વિશિષ્ટ સહાયની રકમ ઓછી ગણાય. દેશ-વિદેશમાં વસતા આપણા સગાસંબંધી મિત્ર વર્તુળમાં સર્વે જ્ઞાતિજનોને વિનંતી સહ ફરીથી વિશિષ્ટ સહાય ફંડની રકમ વધારે ભેગી કરી તેના વ્યાજમાંથી અપાતી રકમ વધારે ચુકવી શકીએ તેવા ઘનિષ્ઠ પ્રયાસો હિતવર્ધક સભા આપના દ્વારા કરે છે જેને આપ સર્વે બળ આપી વધારી જ્ઞાતિ સમાજના નિરાધાર - શારિરીક અશક્ત અને જરૂરીયાત મંદ વ્યક્તિઓને સહાય કરવાનો પ્રયાસ કરીએ.*

*વિશિષ્ટ સહાય ફંડમાં વધારો કરવા માટે આપ મોટી રકમથી સહાય કરી શકો તેવું જ નથી આપના દ્વારા અપાયેલ નાનામાં નાની રકમ પણ "ટીપે ટીપે સરોવર" ભરાય તેવી મદદરૂપ થઈ શકે છે. આપનો જન્મદિવસ હોય, આપની લગ્નની તિથી હોય, માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન કે કુટુંબના કોઈ સ્વજન વિશેષ સિદ્ધિ મેળવી હોય તેવી માહિતી સાથે યોગ્ય રકમ આપી આ વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં ખૂબ જ ઉપયોગી બની શકો છો. આપની આ નાની-નાની સહાય કેટલો મોટો ફંડ બની જશે.*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો જ્ઞાતિ સમાજના તમામ ભાઈઓ-બહેનો દ્વારા આ ભગીરથ યજ્ઞને પાર પાડવા જે કોઈ સહકાર આપેલ છે. તે બદલ સૌનો આભાર. આપ સર્વે જ્ઞાતિજનો કોટી કોટી અભિનંદન.*

***- જગતભાઈ દવે (મંત્રીશ્રી)***

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૨મું રાષ્ટ્રીય અધિવેશન - આણંદ તા. ૨૯-૧૨-૨૦૧૯

### *અધ્યક્ષશ્રી અરૂણભાઈ બી. શેલતનું નિવેદન*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે "સૌનો સાથ – જ્ઞાતિનો વિકાસ" સૂત્રને ચરિતાર્થ થતું હોય તેવું અનુભૂતિ અને લાગણી અનુભવાય છે.*

*અધ્યક્ષ તરીકે મારામાં મૂકેલ વિશ્વાસ માટે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારાબોરી સભ્યશ્રીઓ અને જ્ઞાતિજનો સર્વે માટે હું આદર અને સહકારની લાગણી અનુભવુ છું. સર્વેના હાર્દિક આભાર વ્યક્ત કરું છું.*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા ગામેગામ અને અલગ અલગ સ્થળ પર ૩૧ (એકત્રીસ) સફળ અધિવેશન કર્યા છે. જેના ઉદ્દેશ માત્રને માત્ર વિધવા નિ:સહાય જ્ઞાતિજનોને મદદરૂપ થવાનો છે.*

*વર્ષોવર્ષ થતા અધિવેશનના માધ્યમથી દાતાશ્રી તરફથી કે અન્ય કોઈ પ્રકારે સંસ્થાને મળતા દાનની રકમની એફ.ડી. કરવામાં આવે છે અને તે એફ.ડી.ના વ્યાજમાંથી વિધવા નિ:સહાય જ્ઞાતિજનોને હાલ રૂ. ૧૨૦૦/– પ્રતિમાસ તેઓશ્રીના બેન્ક એકાઉન્ટમાં સીધા જ જમા કરવામાં આવે છે.*

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા પ્રતિ વર્ષ તે વ્યાજની આવક વધારવાના પ્રયત્નો કરતી રહે છે જેથી વિધવા નિ:સહાય જ્ઞાતિજનોને પ્રતિમાસ અપાતી રકમમાં વધુ ને વધુ વધારો કરી શકાય અને શક્ય હોય તેટલું મદદરૂપ થઈ શકાય.*

*ગામે ગામ યોજાતા અધિવેશનનો ઉત્તમ આશય એ પણ છે જે તે ગામનું મંડળ પણ આવા અધિવેશનના માધ્યમથી એકત્ર થતી દાનની રકમના માધ્યમથી વધુ સક્ષમ અને વેગવંતુ બને.*

*સર્વ સ્વીકાર્ય એક વાત છે જ્ઞાતિજનોના હિતાર્થે કાર્ય કરતી કોઈપણ સંસ્થાને તેમની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે દાતાશ્રીઓ તરફથી મળતો આર્થિક સહયોગ જ પીઠબળ પૂરું પાડે છે.*

*"સૌનો સાથ – જ્ઞાતિનો વિકાસ"ના સૂત્રને આપણે સર્વે સાથે મળી સફળ બનાવીએ. વધુને વધુ દાનની રકમ આપી નિ:સહાય જ્ઞાતિજનોને વધુને વધુ મદદરૂપ થઈએ. જ્ઞાતિ પરિવારમાં શ્રેષ્ઠી દાતાશ્રીઓ દ્વારા હંમેશા બહુમૂલ્ય દાન તો મળે છે સાથે સાથે આપણે સૌ નાની –નાની રકમનું દાન પણ સંસ્થાને આપી શકીયે છે. જેમ કે પરિવારમાં કોઈની જન્મતિથી, લગ્નની વર્ષગાંઠ, મૃત્યુતિથી જેવા દિવસે નાની નાની રકમ પણ આપ સંસ્થાને આપીને નિ:સહાય જ્ઞાતિજનોની મદદ માટે સહભાગી થઈ શકો છો.*

*૩૨માં રાષ્ટ્રીય અધિવેશનના સફળ બનાવવા માટે સર્વનો હૃદયપૂર્વક આભાર.*

***– શ્રી અરૂણભાઈ બી. શેલત – અધ્યક્ષ***

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી આસુતોષ અશ્વિનભાઈ પંડ્યા**

જન્મ તા. ૨૫-૦૭-૧૯૬૧

રહેઠાણ - દર્શન, નગર પંચાયત દવાખાના પાસે, વિદ્યાનગર

પ્રવૃત્તિ - રીટા. ગર્વમેન્ટ એન્જીનીયર, હાલ બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા

પત્ની - ભારતી આશુતોષ પંડ્યા જન્મતારીખ - ૩-૧૧-૧૯૬૨

સંતાન - એક પુત્ર, એક પુત્રી

અન્ય પ્રવૃત્તિ - સમસ્ત બ્રહ્મસમાજ આણંદ સાથે સંકળાયેલા

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



સ્વ. ગણપતલાલ નારણજી ત્રિવેદી (તરવાડી)નો જન્મ તા. ૨૮-૧૦-૧૯૨૮ના રોજ પિતાશ્રી નારણજી હરિપ્રસાદ તરવાડી તથા માતાશ્રી મણિબેનના ત્રીજા પુત્ર તરીકે થયો હતો. તેઓએ ૧૯૫૯ના વર્ષ સુધી ખેતી કરી હતી અને ત્યારબાદ તેઓ સ્કૂલમાં શિક્ષક તરીકે જીંદગી વીતાવી હતી.

એમણે હોમગાર્ડસમાં વર્ષો સુધી સેવાઓ આપી હતી. ઉમરેઠ મ્યુનિસીપાલિટીના સભ્ય તરીકે પણ ચૂંટાઇને નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી. તેઓશ્રી ઉમરેઠ પીપલ્સ બેંકના ચેરમેન તરીકે તેમજ ઉમરેઠ દૂધ મંડળીના ચેરમેન તરીકે ઉમદા સેવાઓ આપી પ્રગતિ કરી આપી હતી. આ રીતે તેઓશ્રીએ પોતાનું જીવન સામાજીક કાર્યકર તરીકે વીતાવ્યું હતું. આજે પણ તેઓશ્રી જી.એન.ટી.ના હુલામણા નામથી અમર છે. જીવનપર્યંત વાંચનનો ખૂબ જ શોખ હતો.

તેઓશ્રી તેમના ધર્મપત્ની શારદાબેન, બે પુત્રો વિપુલભાઈ, સંદીપભાઈ તથા ત્રણ પુત્રીઓ પ્રજ્ઞાબેન, અમતીબેન અને હીનાબેનનો સુખી સંસાર પરિવાર છે.

**શ્રી વિપુલકુમાર ગણપતલાલ ત્રિવેદી તથા**
**સમગ્ર પરિવાર, ઉમરેઠ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી હરિકૃષ્ણ રમણલાલ ઠાકર**

આણંદ નિવાસી સ્વ. રમણલાલ ફૂલાભાઈ ઠાકર તથા સ્વ. શારદાબેન રમણલાલ ઠાકરના સુપુત્ર શ્રી હરિકુષ્ણ રમણલાલ ઠાકર, દરજી ફળિયું, મઠીયા ચોરા પાસે, આણંદ.

જેઓ સરદાર ગંજ, આણંદમાં પોતાનો અનાજ-કરિયાણાનો ધંધો કરે છે.

તેઓના પત્નીશ્રી નીલાબેન હરિકૃષ્ણભાઈ ઠાકર છે.

તેઓશ્રીએ માતા-પિતા તથા સમાજનું ઋણ અદા કરવા માટે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૧માં અધિવેશનમાં રૂ. ૧૧૦૦૦/-નું અનુદાન આપેલ છે.

આ અગાઉ પણ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદને માતબર રકમનું દાન તેઓશ્રી દ્વારા મળેલ છે.

તેઓનું સમગ્ર પરિવાર આણંદ મુકામે યોજાનાર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૨માં અધિવેશનને શુભેચ્છા પાઠવે છે.

**લી.**

**નીલાબેન હરિકૃષ્ણભાઈ ઠાકર**

| | |
|---|---|
| **અંકુર હરિકૃષ્ણભાઈ ઠાકર** | **દર્શનાબેન વિશાલકુમાર પંડ્યા** |
| **મયુરીબેન અંકુર ઠાકર** | **રીચાબેન વિશાલકુમાર પંડ્યા** |
| **યુગ અંકુરભાઈ ઠાકર** | **ધર્મભાઈ વિશાલકુમાર પંડ્યા** |
| **સ્વરાબેન અંકુરભાઈ ઠાકર** | |

**સોનાલીબેન કૌશિકકુમાર પીઠડીયા**

**હિમાક્ષ કૌશિકકુમાર પીઠડીયા**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી પ્રીતિબેન મહેશકુમાર દવે

જન્મ તા. ૧૭–૦૫–૧૯૫૭

લગ્ન તા. ૦૯–૦૨–૧૯૭૬

| | | |
|---|---|---|
| મૂળ વતન | – | સોજીત્રા (હાલ – આણંદ) |
| અભ્યાસ | – | ચૈન્નઈ |
| પિતા | – | સ્વ. ભલાશંકર મોતીરામ દવે |
| માતા | – | સ્વ. શારદાબહેન ભલાશંકર દવે |
| પતિ | – | શ્રી મહેશકુમાર ચીમનલાલ દવે |
| | | (મૂળ વતન ઉમરેઠ, હાલ આણંદ) |
| પુત્ર | – | શ્રી રીગ્નેશ અને શ્રી શિલ્પેશ |
| પુત્રવધુ | – | અ.સૌ. જયના રીગ્નેશ દવે, અ.સૌ. સ્નેહલ શિલ્પેશ દવે |
| પૌત્રી | – | કુ.મેહા આર. દવે, કુ. પ્રીશા આર. દવે, કુ. રાવી એસ. દવે |
| પૌત્ર | – | ચિ. સ્તવન એસ. દવે |

પ્રીતિબહેને ખૂબ લાગણીથી સસરા ચીમનલાલ દવે (માસ્તર) જેઓ અંધ હતા તેમની લગ્ન થયા ત્યારથી સદ્‌ગતના અવસાન સુધી (૧૯૭૬–૧૯૮૩) સેવા કરી.

તેઓ મેટ્રો શહેર મદ્રાસથી ઉમરેઠ જેવા નાના ગામમાં સાકર દૂધમાં ભળે તેમ ભળી ગયા. ૧૯૮૦થી આણંદમાં વસવાટ કરે છે. ત્યારબાદ પતિની બદલી થતા વલસાડ, અમદાવાદ, નડિયાદમાં પણ રહ્યા. તેઓ ધાર્મિક સ્વભાવના છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદ



Late Shri Nilkanthray Hariharray Shukla
Smt. Madhukanta Nilkanthray Shukla

Shri. Yogeshkumar Nilkanthray Shukla (CANADA)
Smt. Nimisha Yogeshkumar Shukla (CANADA)

Shri Akshaykumar Nilkanthray Shukla
Late Smt. Jignasha Akshaykumar Shukla
Smt. Nalini Akshaykumar Shukla

Shri. Dilipkumar Nilkanthray Shukla
Smt. Asha Dilipkumar Shukla (CANADA)

Shri Jaykumar Jitendrabhai Shah (CANADA)
Smt. Ankita Jaykumar Shah (CANADA)

Ku. Pooja Dilipkumar Shukla (CANADA)

Chi. Shlok Jaykumar Shah (Canada)

Shri Alapkumar Pankajbhai Bhatt (CANADA)
Smt. Mansi Alapkumar Bhatt (CANADA)

Chi. Tejas Akshaykumar Shukla

Chi. Bharat Yogeshkumar Shukla (CANADA)

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી મીતાબેન ધવલકુમાર ત્રિવેદી

શ્રીમતી મીતાબેન ધવલકુમાર ત્રિવેદીનો જન્મ તા. ૧૨-૧૨-૧૯૭૬ના રોજ થયેલ. તેઓના માતા હંસાબેન અને પિતાશ્રી નરેન્દ્રભાઈ દવે હતા. તેઓશ્રી મૂળ વસોના વતની છે. મીતાબેને બી.કોમ સુધીનો અભ્યાસ કરેલ છે.

નાનપણમાં જ મીતાબેને માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ હતી. પરંતુ કહે છે ને કે મા ને માસી સરખા એવા મા સમાન માસી શ્રી પ્રફુલાબેન માધવલાલ દવે એ મીતાબેનની ઉછેર કર્યો અને તેમની ઘણી જવાબદારીનું વહન પણ કરી.

શ્રી મીતાબહેનના લગ્ન તા. ૨૮-૧૧-૧૯૯૯ના રોજ નડિયાદ નિવાસી શ્રી ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદી સાથે થયા. ધવલકુમાર પોતે બી.એ., એલ.એલ.બીનો અભ્યાસ કરી પોતાની સ્વતંત્ર પ્રેકટીસ કરે છે અને સાથે સાથે શ્રી બાજખેડાવાળ સમાજ નડિયાદમાં હાલ ઉપપ્રમુખ, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારી સભ્ય અને આવી અનેક વિવિધ સામાજિક સંસ્થાઓમાં વિવિધ હોદ્દા પર પોતાની સેવાઓ આપતા આવ્યા છે અને આપી રહ્યા છે.

મીતાબેન અને ધવલકુમારને ૨ સંતાન રત્ન છે આયુષ અને હેમ. મોટો દીકરો આયુષ - એન્જીનીયરીંનો અભ્યાસ કરી રહ્યો છે. જ્યારે નાનો દીકરો હેમ ધોરણ-૪માં અભ્યાસ કરે છે. મીતાબેન પોતે ઘરની તમામ જવાબદારીનું વહન કરે છે અને પતિશ્રીના તમામ સામાજિક કાર્યોમાં તેમની પડખે ઉભા રહી સહભાગી બને છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા અને શ્રી બાજખેડાવાળ મંડળ આણંદને ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનની ખૂબ જ શુભેચ્છા સમગ્ર ત્રિવેદી પરિવાર પાઠવે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**સ્વ. ઈન્દુમતિબેન હરિવદન ભટ્ટ અને સ્વ. હરિવદન પ્રાણશંકર ભટ્ટ**

(સુપુત્રી સ્વ. કૃષ્ણાબામ અંબાશંકર ડોળીયા) (Custom & Central Excise Suptd.)

આપનું જીવન એ જ અમારા માટે એક સંદેશ છે. આપની સહશીલતા, ફરજપાલન અને કુટુંબ ભાવના હંમેશા યાદ રહેશે. આપના અધુરા કામોને પૂર્ણ કરવાની ઈશ્વર શક્તિ આપો.

લિ.

સ્વ. પ્રદિપકુમાર હરિવદન ભટ્ટ (વિદ્યાનગર) પંકજકુમાર હરિવદન ભટ્ટ (કેનેડા)

સંજયકુમાર હરિવદન ભટ્ટ (નડીયાદ) યોગેશકુમાર હરિવદન ભટ્ટ (કેનેડા)

---

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી હેમાબેન તૃષારકુમાર શેલત**

પતિનું નામ – તૃષારકુમાર ઘનશ્યામપ્રસાદ શેલત

દિકરીનું નામ – કૃપા તૃષારકુમાર શેલત

હાલ – હેમાબેન આણંદ નગરપાલિકાના મ્યુનિસિપલ કાઉન્સિલર તેમજ સેનેટરી કમીટીના ચેરમેન તરીકે તથા અન્ય કમીટીમાં સભ્ય તરીકે સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી પ્રો. અનિલકુમાર કૃષ્ણરામ ભટ્ટ

પ્રો. અનિલકુમાર કૃષ્ણરામ ઉર્ફે કિકુભાઈ ભટ્ટ એટલે એક 'વિરાટ વ્યક્તિત્વ' આણંદ મુકામે પંડ્યા ફળીમાં તા. ૨૬-૩-૧૯૪૪નાં રોજ પિતા સ્વ. શ્રી કૃષ્ણરામ કીરપાશંકર ભટ્ટ તથા માતા સ્વ. ઈન્દીરાબેન કૃષ્ણરામ ભટ્ટનાં ઘેરથી પોતાની જીવનયાત્રા શરૂ કરી. પોતાની જવલંત શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન M.Com. Accountancy Costing અને Business Finance માં Highest માર્ક્સ સાથે રેન્ક હોલ્ડર રહ્યાં છે. ૧૯૬૮માં જે બી.જે.વી.એમ. કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાંથી વિદ્યાર્થી રહ્યા ત્યાં પ્રોફેસર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી જે આજ સુધી ૪૫ વર્ષથી સેવા આપી રહ્યાં છે. પોતાની ૨૦૦૬ સુધીની 'વિરાટ શૈક્ષણિક કારકિર્દી' દરમ્યાન એ.આર. કોલેજ ઓફ ફાર્મસી, વિ. પી. સાયન્સ કોલેજ, હોમ સાયન્સ કોલેજમાં વિવિધ વિષયો પર શૈક્ષણિક પ્રદાન આપેલું છે. પ્રો. અનિલભાઈ ભટ્ટે અનેક સેવાકાર્યો જેવા કે ગ્રામ સફાઈ, સેવા શિબિર તેમજ પ્રૌઢ શિક્ષણ વગેરેમાં પોતાનું સક્રિય યોગદાન આપેલ છે. આટલા વ્યસ્ત શૈક્ષણિક જીવન દરમ્યાન તેઓએ અનેક સામાજિક અને રાષ્ટ્રીય વિષયો ઉપર લેખો લખેલ છે.

ચરોતર મેનેજમેન્ટ એસોસીયેશન, બરોડા મેનેજમેન્ટ એસોસીયેશન, ચરોતર સાહિત્ય સભા વગેરેમાં અનેક હોદ્દાઓ થકી પોતાનાં સુવર્ણ સન્માન અનુભવનો લ્હાવો આપેલ છે. અનેક રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાના સેમીનાર - વર્કશોપમાં સક્રિય ભાગ લીધેલ છે. આવા 'વિરાટ વ્યક્તિત્વ'નાં સ્વામીશ્રી પ્રો. અનિલકુમાર ભટ્ટે પોતાનાં પત્ની અને સંતાનમાં પણ પોતાની સેવાની પ્રેરણા સીંચી છે અને પત્ની તથા પુત્રીએ ચક્ષુદાનની ભાવના વ્યક્ત કરેલી છે.

આવા 'વિરાટ વ્યક્તિત્વ'માં સ્વામી એવા પ્રો. શ્રી અનિલ કે. ભટ્ટનાં પરિચયમાં એક મોટો ગ્રંથ પણ લખી શકાય. પરંતુ સ્થળ સંકોચના કારણે અતિ-સંક્ષિપ્ત પરિચય આપેલ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



### શ્રી ધર્મિષ્ઠાબેન ધ્વીજેનકુમાર શેલત

ધર્મિષ્ઠા નટવરલાલ દવે, અમદાવાદ મણિનગરના રહેવાસી છે. તેમનો જન્મ તા. ૧-૭-૧૯૫૮ના રોજ થયેલ. તેઓશ્રી નટવરલાલ ગણપતરામ દવે તથા રમીલાબેન નટવરલાલ દવેના સુપુત્રી થાય. તેઓ એસ.એસ.સી. સુધી મણિનગરની ખ્યાતનામ અંગ્રેજી માધ્યમની સ્કૂલ બેસ્ટ હાઈસ્કૂલમાં અભ્યાસ કરેલ હતો. ત્યારબાદ તેઓએ ડીપ્લોમાં ઈન સેક્રેટરીયલ પ્રેક્ટીસ તથા ડીપ્લોમાં ઈન કોમર્શીયલ પ્રેક્ટીસનો અભ્યાસ અમદાવાદ ગર્વમેન્ટ પોલીટેક્નીકથી કરેલ. તેઓ તેમના મામા તથા એક ભાઈ અને એક બહેન સાથે રહેતા હતાં.

ધર્મિષ્ઠા નટવરલાલ દવેએ અભ્યાસ પૂર્ણ કરી કેન્દ્ર સરકારની આર્મી (ડીફેન્સ) ખાતામાં સુપરવાઈઝર તરીકે મે ૧૯૮૧ના રોજ નિમણૂંક થયેલ. ત્યારબાદ સને મે ૧૯૮૬માં કાંતિલાલ ગણપતરામ શેલતના નાના પુત્ર ધ્વીજેન કાંતિલાલ શેલત મૂળ ઉમરેઠના રહેવાસી અમદાવાદના સાથે લગ્ન થયેલ. તેમના પતિ ધ્વીજેન કાંતિલાલ શેલત અમદાવાદ શહેરની જાણીતી સ્કૂલ સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કૂલ નવા વાડજમાં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવેલ. તેઓએ ૩૦ વર્ષ સુધી સર્વિસ કરેલ ત્યારબાદ તા. ૩૧-૧૦-૨૦૧૫ના રોજ નિવૃત્ત થયેલ. ધર્મિષ્ઠાએ આર્મી (ડીફેન્સ) શહીબાગ કેમ્પમાં ૩૭ વર્ષ નોકરી કરી વર્ષ જૂન ૨૦૧૮માં નિવૃત્ત થયેલ.

સમાજ સેવા કરતી આપણી સંસ્થા અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વહીવટકર્તાઓ તથા આણંદ બાજખેડાવાળ મંડળના વહીવટકર્તાઓને ખૂબ ખૂબ શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદ



હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટનો જન્મ ઉમરેઠ મુકામે પોષ વદ–૧ તા. ૧૬–૦૧–૩૮ના દીવસે થયેલ. તેમના પિતાશ્રી રેલ્વેમાં કામ કરતા હોઈ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ઉમરેઠ, અંક્લેશ્વર, ભરૂચ, ગોધરા, રતલામ અને વડોદરા ખાતે લીધું હતું અને વડોદરા કલાભવનમાંથી ડીપ્લોમાં ઈન સીવીલ એન્જીનીયરીંગની ડી.સી.ઈ.ની ડીગ્રી મેળવી હતી. સને ૧૯૫૮માં ભણતર પતીજતાં ૧૩–૬–૫૮થી સિંચાઈ વિભાગમાં ઓવરસીયર તરીકે ફરજ બજાવવાનું ચાલુ કર્યું હતું. ટાઈમ પસાર થતાં એપ્રેસીપટમાંથી સુપરવાઈઝર પદ મળેલ અને આમ કલાસ–૩ તરીકે સને ૧૯૭૨ સુધી ફરજ બજાવી તી. ત્યાર પછી ક્લાસ–૨ તરીકે બઢતી મળતાં સને ૧૯૮૭ સુધી તે ફરજ નીભાવી હતી. તેમનું કાર્યક્ષેત્ર નડીયાદ, ઉત્તરસંડા, વણસોલ રહ્યું હતું અને પછીથી તો ફક્ત લીંબાસી–માતર ક્લાસ–૨ તરીકેની ફરજ નિભાવી હતી. ૧૯૮૭માં ક્લાસ–૧ અધિકારી તરીકે બઢતી અને બદલી થતાં હિંમતનગર મુકામે સને ૩૧–૧–૯ સુધી રહેલ. આમ છેલ્લા લગભગ દસ વર્ષ કલાસ–૧ ઓફીસર તરીકે ફરજ બજાવી નિવૃત થયેલ.

તેમનું લગ્ન સ્વ. બાપાલાલ ગણપતરામ ઠાકરની દીકરી મધુબેન સાથે થયું હતું. લગ્ન પછી તેમનું નામ કુમુદ રાખ્યું હતું. કુમુદબેન શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેમજ સાસુ–સસરા સાથે રહી. તેમની પણ સેવા બજાવતા. તેઓશ્રી બહુ ઉત્સાહી, સારા ભજનીક અને નીડર શિક્ષિકાબેન હતા. વિદ્યાર્થીઓને ટુરમાં લઈ જતા હતા અને કન્યાઓની ખાસ સંભાળ રાખતા હતા. તેઓ બંને પતિ–પત્ની છેલ્લે બદ્રીનાથ તેમના ગુરૂજીની રામકથા સાંભળવા ગયેલ. ત્યાંથી કુમુદબેનને ઠંડી શરીરમાં પેસી જતા ન્યુમોનીયા થઈ ગયો હતો અને ઉમરેઠ આવી ૩૧–૧૦–૦૭ના રોજ તેમનું અવસાન થયું હતું.

હરિહરભાઈ સ્વયં ભક્તીપ્રધાન, સરળ સ્વભાવના છે અને સંસ્થાના પ્રસંગો, ઉત્સવોમાં ભાગ હંમેશા લે છે અને યથાયોગ્ય યોગદાન જ્ઞાતિના ઉત્કર્ષ અને જ્ઞાતિબંધુઓની સેવા કરતા રહે છે. હાલ મણીનગર મુકામે તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

નિવૃત્ત થયા પછી ઉમરેઠ મુકામે ભગવતકથા–રામકથા કરાવી હતી. તેમજ તુલસી વિવાહ કર્યો હતો. સગાવહાલાને લઈ હરિદ્વાર કથા સાંભળવા પણ ગયે. ઉમરેઠ વારાહી માતાએ યજ્ઞ કરવાનો લહાવો પણ લીધો હતો. ગયા વર્ષે સગાવહાલાને લઈ દ્વારકા–સોમનાથની ટુર માણેલી.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦૦/-ના દાતા



**શ્રીમતી કુંજબાળાબહેન દવે**

**જન્મ તારીખ - ૦૨-૦૮-૧૯૪૫** **અક્ષરધામ - ૨૩-૦૭-૨૦૧૮**

શ્રીમતી કુંજબાળાબહેનનો જન્મ નડીયાદમાં થયો હતો. તેઓ ત્રણ બહેનો એક ભાઈ સાથે ખૂબ પ્રેમભાવથી વર્તતા હતા. તેઓ સ્વભાવે મૃદુ, સ્નેહાળ અને સહનશીલ હતાં. તેમના પુત્ર પરાગ ઉપેન્દ્રપ્રસાદ દવે તથા દીકરી હેમાબહેન ભાવેશકુમાર યુ.એસ.એ.માં સ્થાયી થયેલા છે. તેમના પુત્ર પરાગ ઉપેન્દ્રપ્રસાદ દવે તથા હેમાબહેન તરફથી પરમ પૂજ્ય માતૃશ્રીની સ્મૃતિમાં ફૂલ પાંખડી અર્પણ કરીએ છીએ.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતા



### ડો. પરિમલ અરવિંદભાઈ દવે

*જન્મ તારીખ - ૧૧-૦૨-૧૯૫૫*

ડૉ. પરિમલ એ. દવેનો જન્મ મહુધા તા. નડિયાદ ખાતે શ્રી અરવિંદભાઈ ચૂનીલાલ દવેને ત્યાં થયો હતો. અભ્યાસ મહિસા (તા. નડિયા) ખાતે એસ.એસ.સી. સુધી બાદ નડિયાદ આયુર્વેદ કોલેજમાં બી.એસ.એ.એમ. ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ પ્રથમ એક વર્ષ પ્રાઈવેટ પ્રેક્ટીસ બાદ ૧ વર્ષ આયુર્વેદ કોલેજ લોદરા (મહેસાણા) અને પછી ૧૯૮૦ની સાલથી ગર્વમેન્ટ મેડિકલ ઓફિસર-૨ તરીકે નોકરી મળી. હાલમાં નિવૃત્ત જીવન.

માતા-સુલોચનાબેન અરવિંદભાઈ દવે જેમણે બાળપણથી ધાર્મિક સંસ્કારનું સિંચન કર્યું. પુત્ર પરિવારમાં બે પુત્ર મોટો ચિ. હરિકૃષ્ણ કેનેડા ખાતે સ્થિર થયેલ છે.

અમે હું ડૉ. પી. એ. દવે, મારી ધર્મપત્ની અ.સો. ઉર્મિલાબેન પી. દવે તથા નાનો પુત્ર ચિ. ધ્રુવ પી. દવે વડોદરા વાડી વિસ્તારમાં રહીએ છીએ.

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાંગેશ્વર મહાદેવની બાજુમાં, નડીયાદ-૩૮૭૦૦૧, જી. ખેડા,
ફોન - ૦૨૬૮-૨૫૬૬૩૮૪

શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ નડિયાદની ત્રીજી માસિક સામાન્ય સભા તા. ૨૭-૦૯-૨૦૧૯ના રોજ બાજખેડાવાળ હોલમાં મળી હતી. સુંદર પ્રાર્થના રજૂ કરી હતી. પ્રમુખશ્રી અશોકભાઈ દવેએ સૌનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. મંત્રીશ્રીએ ગત મિટીંગની મિનિટ્સ વાંચી સંભળાવી હતી. જેને સર્વાનુમતે બહાલી મળી હતી.

આજના વિદ્વાન વક્તા શ્રી સ્નેહલભાઈ દવે (ગુરૂદેવ) તથા ભોજન યજમાન શ્રી વિષ્ણુભાઈ ભટ્ટ (નિવૃત્ત બેંક મેનેજર)નું પુષ્પગુચ્છ તેમજ સુંદર મોમેન્ટો અર્પણ કરી પ્રમુખ તથા મંત્રીશ્રીએ સંયુક્ત રીતે સ્વાગત સન્માન કર્યું હતું. સંસ્થાના ભૂ.પૂ. પ્રમુખ સ્વ. આર. જે. દવેના ધર્મપત્ની ગં.સ્વ. હર્ષાબેન મહેતાનું પુષ્પગુચ્છથી ભૂ.પૂ. મહિલા પ્રમુખ શ્રીમતી કોકીલાબેન જોષીએ સ્વાગત સન્માન કર્યું હતું.

શ્રી સ્નેહલભાઈ દવે (ગુરૂદેવ) એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તજજ્ઞ વક્તા તરીકે 'શ્રાદ્ધ અને શ્રદ્ધા' એ વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું. શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરીને પિતૃઓને સંતોષ અને તૃપ્તિ અર્પણ કરીને સૌ પિતૃઋણમાંથી મુક્ત થઈ શકે છે. તે દ્વારા સારી સંતતિ, સારી લક્ષ્મી અને પિતૃઓનાં શુભાશિષ મેળવી શકાય છે. આ ૧૫ દિવસોને મહાલપ શ્રાદ્ધ પણ કહેવાય છે. શ્રાદ્ધ કરવા વિષે શાસ્ત્રોક્ત વિધાનની સમજૂતી આપી હતી. સંતાનોને પિતૃઓનાં શ્રાદ્ધ શ્રદ્ધાપૂર્વક કરવાની સલાહ અને તે અંગેનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

મંડળના સભ્યોનાં જન્મદિન જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર માસમાં આવતા હોય તેવા હાજર રહેલા ૨૭ સભ્યોનું ચોકલેટ, ગીફ્ટ (પાકીટ) આપીને જન્મદિનનું અભિવાદન કર્યું હતું તથા જન્મદિન શુભેચ્છા ગીત દ્વારા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સભ્યો દ્વારા સ્વૈચ્છિક રોકડ ભેટ સંસ્થાને મળી હતી. જેનો સાભાર સ્વીકાર કર્યો હતો. ગં.સ્વ. હર્ષાબેન આર. મહેતા તરફથી પણ સંસ્થાને રૂપિયા એક હજારની ભેટ શ્રી મૌલેશભાઈ મહેતાના હસ્તે મળી હતી. જેની જાહેરાત ખજાનચી શ્રી પ્રજ્ઞેશભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવી હતી.

મંડળની આગામી સામાન્ય સભા તા. ૧૭-૧૧-૧૯ રવિવારે સવારે ૯.૩૦ કલાકે મળશે તેવી જાહેરાત પ્રમુખશ્રીએ કરી હતી. અંતમાં આભારવિધી ઉપપ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પી. દવેએ કરી હતી.

મંત્રીશ્રીએ સૌને રાષ્ટ્રગીતનું ગાન કરાવ્યું હતું. કાર્યક્રમને અંતે સુંદર સ્વાદિષ્ટ ભોજનનો શ્રાદ્ધપર્વને અનુલક્ષીને રસાસ્વાદ માણ્યો હતો અને મીટીંગ પૂર્ણ થવાની જાહેરાત કરી હતી.

આજની સભાનું સફળ સંચાલન કરવા ઉદ્‌ઘોષક તરીકે શ્રી કિરણભાઈ જોષી (સહમંત્રી)એ સેવા આપી હતી.

**અશોકભાઈ દવે** — **પ્રમુખશ્રી**

**સતિષચંદ્ર પંડ્યા** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ - સોજીત્રા

(મો.) ૯૪૨૬૭૫૭૦૨૬

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના સ્મશાનનું સમારકામ (રિનોવેશન) કામ પૂરું થી જવા આવ્યું છે. તેમાં નીચે મુજબના કામ પૂર્ણ થઈ ગયા છે.

(૧) સ્મશાનનું ચારેય બાજુની દીવાલ ઊંચી કરવામાં આવી. (૨) સ્મશાનમાં એકરૂમ નવી બનાવવામાં આવ્યો (૩) સ્મશાનમાં એક નવો દરવાજો મૂકવામાં આવ્યો (૪) જૂનો દરવાજો રીપેરીંગ કરવામાં આવ્યો (૫) સ્મશાનમાં જૂનો શેડ હતો તેના પતરાં બદલવામાં આવ્યા અને તેની રીંપરીંગ કરવામાં આવ્યા. (૬) સ્મશાનમાં વીસામો બનાવવામાં આવ્યો (૭) સ્મશાનમાં જૂની એક રૂમમાં પત્થર નાખવામાં આવ્યા (૮) સ્મશાનમાં પાણીની ટાંકીમાં પાઈપ (પ્લબીંગ) કરવામાં આવ્યું. હાલમાં સ્મશાનમાં મેદાનમાં પત્થર નાખવાનું કામ ચાલું છે. અને કલર કામ સ્મશાનમાં બાકી છે.

### ચૈન્નઈથી આવેલ મા અંબાજી સંઘ

ભાદરવી પૂનમે મોટા અંબાજી માટે ૫૬ ગજની ધજા લઈ ચૈન્નઈથી અંબાજી જવા માટે નીકળ્યા. આ માઈ ભક્તો તા. ૭-૯-૧૯ શનિવારે સવારે ૮.૩૦ કલાકે માદરે વતન સોજીત્રા પધાર્યા. ત્યારબાદ સોજીત્રા અંબા માતાએ ધજા ચઢાવી. વૈદ્યનાથ મહાદેવ, ખોડીયાર માતાએ દર્શન કરી ભજન કરી મહાપ્રસાદ લઈ ત્યારબાદ રામનાથ મહાદેવ બપોરે આરામ બાદ - ૪.૦૦ વાગે ભજન કરી. સાંજે ૭.૦૦ વાગે કાઠીયાવાડી મહાપ્રસાદ લઈ રાત્રે ૮.૩૦ અંબાજી જવા નીકળ્યા.

માઈ ભક્તોએ સોજીત્રા રામનાથ મહાદેવ ટ્રસ્ટને શ્રી ચેન્નઈ ગુજરાતી બાજખેડાવાળ સમાજ તરફથી રૂ. ૧૧૦૦૦/- અને શ્રી ચેન્નઈ ગુજરાતી બાજખેડાવાળ સમાજ તરફથી સ્મશાન સમારકામ માટે રૂ. ૧૧૦૦૦/- સોજીત્રા બાજખેડાવાળ સમાજને દાન આપેલ છે. સોજીત્રા બાજખેડાવાળ કમિટી અને રામનાથ મહાદેવ ટ્રસ્ટ ખૂબ ખૂબ આભાર માને છે.

### સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિનું ગૌરવ

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિના સોજીત્રાના વતની શ્રી કનુભાઈ રમણલાલ પાઠકના દિકરી શ્રી વિઠ્ઠલ કનુભાઈ પાઠક (ગુજરાત હાઈકોર્ટ)ની દિકરી કનીશા વિઠ્ઠલભાઈ પાઠક ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવાયેલી જજની પરીક્ષામાં પસંદગી યાદીમાં સિવીલ જર્જ તરીકે ગુજરાત હાઈકોર્ટ બીજા નંબરે સિવિલ જજ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

આ સમાચાર જાણી સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિના કમિટી તથા સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિજનો ખૂબ ખૂભ આનંદની લાગણી અનુભવે છે.

કનીશા વિઠ્ઠલભાઈ પાઠક (હાલ - અમદાવાદ) સિવિલ જજ તરીકે ઉત્તરોત્તર વધુમાં વધુ આગળ વધે તેવી શુભકામના તેમને અને તેમના પરિવારને.

### સ્મશાન રિનોવેશન દાતાની યાદી

(૧) કલાવતીબેન રમણલાલ દવે હ. ગીતા મંદિર રૂ. ૨૫૦૦૦/– (૨) શ્રી અમરતલાલ ગોરધનભાઈ દવે (મદ્રાસ) રૂ. ૧૧૦૦૦/– (૩) શ્રી કનુભાઈ રમણલાલ પાઠક રૂ. ૧૧૦૦૦/– (૪) શ્રી કિરણભાઈ શાંતિલાલ દવે (મદ્રાસ) રૂ. ૧૧૦૦૦/– (૫) શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ – મદ્રાસ રૂ. ૧૧૦૦૦/– (૬) શ્રી હરીપ્રસાદ ભલાશંકર પાઠક (મદ્રાસ) રૂ. ૧૧૦૦૦/– (૭) શ્રી અશ્વિનભાઈ ઉમીયાશંકર દવે–યુ.એસ.એ. રૂ. ૧૦,૦૦૦/– (૮) શ્રી હરેશભાઈ મહેન્દ્રભાઈ દવે રૂ. ૬૧૬૧/– (૯) શ્રી દિપકભાઈ ભાનુભાઈ દવે – આણંદ રૂ. ૫૦૦૦/– (૧૦) શ્રી નીરજભાઈ ભૂપેન્દ્રભાઈ દવે – આણંદ રૂ. ૫૦૦૦/– (૧૧) શ્રી રીટાબેન જીગ્નેશભાઈ શેલત (અમદાવાદ) રૂ. ૫૦૦૦/– (૧૨) સ્વ. શારદાબેન રમણલાલ જોષી – હ. મહેશભાઈ રૂ. ૫૦૦૦/– (૧૩) ઈલાબેન મહેન્દ્રભાઈ ભટ્ટ – કેનેડા રૂ. ૫૦૦૦/– (૧૪) શ્રી રમેશભાઈ ભાનુભાઈ ડોળીયા રૂ. ૫૦૦૦/– (૧૫) શ્રી નરેન્દ્રભાઈ રામચંદ્ર ભટ્ટ રૂ. ૩૦૦૦/– (૧૬) સ્વ. પ્રવિણભાઈ ચીમનલાલ ઠાકર હ. રેણુકાબેન રૂ. ૨૫૦૧/– (૧૭) સ્વ. હિતેન્દ્રકુમાર અંબાલાલ જોષી હ.–મીનાબેન રૂ. ૨૫૦૧/– (૧૮) પુરુષોત્તમ એન. વ્યાસ હ. મયુરભાઈ (મદ્રાસ) રૂ. ૨૫૦૧/– (૧૯) સ્વ. સુમિત્રાબેન અંબાલાલ જોષી હ. જીતેન્દ્રભાઈ રૂ. ૨૫૦૧/– (૨૦) ઇન્દીરાબેન મુકુંદભાઈ ઠાકર હ. સુપુત્રો રૂ. ૨૫૦૦/– (૨૧) શ્રી હંસાબેન દિપકભાઈ ભટ્ટ રૂ. ૧૫૦૧/– (૨૨) સ્વ. લક્ષ્મીબેન આર. દવે હ. નયનાબેન રૂ. ૧૦૦૧/– (૨૩) શ્રી જનકકુમાર ચંદ્રકાન્ત જોષી – અમદાવાદ રૂ. ૧૦૦૧/– (૨૪) સ્વ. ચંદુલાલ હરજીવન દવે રૂ. ૧૦૦૦/– (૨૫) સ્વ. રૂક્ષ્મણીબેન હરજીવનદાસ દવે રૂ. ૧૦૦૦/– (૨૬) સ્વ. ભાનુમતીબેન શશીકાન્તભાઈ ડોળીયા રૂ. ૧૦૦૦/– (૨૭) શ્રી કેયુરભાઈ ભાનુપ્રસાદ ભટ્ટ રૂ. ૧૦૦૦/– (૨૮) શ્રી હરીશભાઈ રમણલાલ પંડ્યા રૂ. ૫૦૦/– (૨૯) સરસ્વતીબેન હરીવદનભાઈ દવે – મદ્રાસ રૂ. ૨૫૦૦/– (૩૦) રેણુકાબેન હસુભાઈ ભટ્ટ – મદ્રાસ રૂ. ૨૫૦૦/–

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના સ્મશાનના સમારકામમાં ઉદાર હાથે દાન આપી સોજીત્રા સમાજ અને કમિટીના હાથ મજબૂત કર્યા છે. કમિટી તરફથી આપનો ખૂબ ખૂબ આભાર.

**સંદીપ ઠાકર** — **ડોળીયા બળવંત બી.**
**મંત્રીશ્રી** — **પ્રમુખશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ, ઉમરેઠ

શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ, ઉમરેઠ (મો.) ૯૯૨૫૮૬૩૧૨૭

શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ, ઉમરેઠ દ્વારા તા. ૦૨–૦૨–૨૦૨૦ રવિવારના રોજ સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફક્ત બાજખેડાવાળ જ્ઞાતિના બટુકોને યજ્ઞોપવીત સંસ્કાર આપવામાં આવશે. જેનાં નામ નીચે જણાવેલ સભ્યોને દ્વારા નોંધાવામાં આવશે અને જેની યજમાન ફી નીચે મુજબ છે.

સાદા જનોઈના રૂ. ૧૦૦૦/– અને માતા સાથે જનોઈના રૂ. ૧૩૦૦/– તથા મુખ્ય યજમાન

ફી રૂ. ૧૫૦૦૦/- રાખેલ છે. ૨૫થી વધુ બટુકોને બેસાડવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે તા. ૫-૧-૨૦૨૦ સુધીમાં નીચેનાં સભ્યોનો સંપર્ક કરી નામ નોંધાવશો.

(૧) શશીકાંતભાઈ રાજારામ પંડ્યા (મો.) ૯૯૨૫૮૬૩૧૨૭ (૨) ભીખુભાઈ એમ. જોષી (મો.) ૯૯૨૪૨૦૬૫૯૬ (૩) કુમુદભાઈ કે. પંડ્યા (મો.) ૬૫૫૧૫૨૪૦૬૭ (૪) ઘનશ્યામભાઈ એમ. દવે (મો.) ૯૮૨૪૪૧૫૭૨૮ (૫) પ્રવિણભાઈ પી. દવે (મો.) ૭૪૨૭૮૫૩૧૨૦ (૬) સુધીરભાઈ આર. ભટ્ટ (મો.) ૯૯૦૯૦૮૬૦૪૫ (૭) અજીતભાઈ બી. દવે (મો.) ૯૮૨૪૩૨૨૧૩૩

શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ દ્વારા તા. ૨૫-૦૮-૨૦૧૯ના રોજ શ્રી લવકુમાર અરૂણભાઈ ઠાકર તથા અન્ય ૨૫ યજમાનોના સહયોગથી સમુહ લઘુરૂદ્ર સંપન્ન થયો હતો. જેમાં નીચેના દાતાઓનો સહયોગ રહ્યો હતો.

મુખ્ય યજમાન શ્રી લવકુમાર અરૂણભાઈ ઠાકર તરફથી સ્ફટીકના શીવલીંગ, સવારની ફરાળ તથા સાંજના મહાપ્રસાદનું યોગદાન મળ્યું હતું તથા શ્રી નિતીનભાઈ સુંદરલાલ ભટ્ટ નડીયાદ તરફથી સવાર-સાંજની ચા-કોફીનું યોગદાન મળ્યું તથા નડીયાદ નીવાસી સ્વ. અંજનાબેન મનોજભાઈ શેલત તરફથી મોતીની માળા તથા શ્રી શીલ્પનભાઈ ભટ્ટ અમદાવાદ તરફથી હોમવાનું ઘી તથા પુજાના પુષ્પોનું યોગદાન મળ્યું હતું.

આ ઉપરોક્ત સમિતિ દ્વારા તા. ૮-૯-૨૦૧૯ના રોજ સામુહિક ગણેશ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી વિપુલભાઈ કિરીટભાઈ ભટ્ટ ઉમરેઠ મુખ્ય યજમાન પદે હતા. તેઓશ્રીએ સવારની ફરાળ અને સાંજના મહા પ્રસાદનું યોગદાન આપ્યું હતું તથા નડીયાદ નિવાસી કીર્તિભાઈ ઘનશ્યામભાઈ ભટ્ટ તરફથી હોમવાનું ઘી તથા હોમવાના લાડુનું યોગદાન મળ્યું હતું અને અમદાવાદ નિવાસી જ્ઞાનેન્દ્રભાઈ દંડનાયક તરફથી સવારે ફરાળમાં કેળા આપવામાં આવ્યા હતા. ઉપરાંત બંને યજ્ઞો કર્મકાંડી વિદ્વાન આચાર્યશ્રી પ્રવીણભાઈ ઈ. દવે તથા શ્રી ભીખુભાઈ એમ. જોષી દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા હતા. ઉપરના યજ્ઞોમાં સહયોગ આપનાર દાતા તથા યજમાનોનો શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ હૃદયપૂર્વક આભાર માને છે.

**શશીકાન્ત આર. પંડ્યા**

**પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ-૩૮૮૦૦૧ ફોન : ૦૨૬૯૨-૨૪૪૨૧૨

તા. ૨-૧૦-૧૯ને 'ગાંધી જયંતી'ના શુભ અવસરે મંગળવારના રોજ બાજખેડાવાળ મહિલા મંડળ આયોજીત નવરાત્રીના પવિત્ર દિવસોમાં એક દિવસીય નવરાત્રી ગરબાનું આયોજન બપોરના ૩ થી ૫ કલાકે કરવામાં આવ્યું હતું. નવા દિવસોના શુભ અવસરે પવિત્ર દિવસે સારી એવી ઘણી મોટી સંખ્યામાં બેનોએ આગમન કરી સુંદર એવી ગરબાની વિવિધ તાળી, લય, સુર સાથે રમઝટ બોલાવી હતી અને ખૂબ જ આનંદ ઉત્સાહ સહિત ભાગ લઈ આનંદ-પ્રમોદ

વ્યક્ત કર્યો હતો. સાથે સાથે અત્રે પધારેલ સર્વે બેનોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ શુભ અવસારે વનલત્તાબેન ભટ્ટ તરફથી તેમજ સ્વ. ભાવનાબેન શેલત દ્વારા નવરાત્રી નિમિત્તે રૂ. ૧૦૦૧/- અને રૂ. ૧૦૦૧/- ભેટ મળેલ છે. ઉષાબેન પંડ્યા તરફથી રૂ. ૫૦૦/-, ગીતાબેન જોષી તરફથી રૂ. ૫૦૧/-, અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૫૦૦/- ભેટ પ્રાપ્ત થયેલ છે. આ સર્વે બેનોની ભેટ સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

ત્યારબાદ માતાજીની આરતી સુંદર, મધુર, આલ્હાદક, સ્વર સાથે વારાફરતી સર્વે બહેનોએ ગાઈ અને ઉતારી હતી. ત્યારબાદ સર્વે બેનોએ પ્રસાદનો લાભ લઈ વિદાય લીધી હતી.

**મીનાબેન શેલત** — **પ્રમુખ**

**સુમિત્રાબેન ઠાકર** — **મંત્રી**

## શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

### નૂતન વર્ષ પ્રારંભે સ્નેહમિલન

આગામી તા. ૯-૧૧-૨૦૧૯ શનિવારના રોજ દિવાળી તેમજ નવા વર્ષના પ્રારંભે સ્નેહમિલનનું આયોજન સાંજે ૭.૦૦ કલાકે શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતે કરવામાં આવ્યું છે. સર્વે જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં સહપરિવાર ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. કાર્યક્રમના ભોજન પાસ રૂ. ૮૦/- વ્યક્તિદીઠ ચુકવી વહેલા તે પહેલાના ધોરણે શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતેથી સાંજે ૪.૦૦ થી ૭.૦૦ દરમ્યાન મેળવી લેવા.

### સંસ્થા દ્વારા યોજાયેલ કાર્યક્રમોની માહિતી

### વાર્ષિક સામાન્ય સભા

તા. ૧૫-૯-૨૦૧૯ના રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ગત વર્ષમાં દિવંગત થયેલ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ એજન્ડા અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે મુજબ ગત વર્ષના હિસાબો મંજૂર કરવામાં આવ્યા હતા. બંધારણ અનુસાર વ્યવસ્થાપક સમિતીના સાત સભ્યો તેમજ એક ટ્રસ્ટીશ્રી નિવૃત્ત તથા તેઓની જગ્યાએ નવા સાત સભ્યોમાં શ્રી જયેશભાઈ ઠાકર, શ્રી સંજયભાઈ ત્રિવેદી, શ્રી સમીર દવે, શ્રી હિમાંશુ દવે, શ્રી જગદીશભાઈ દવે, શ્રી હિતેશભાઈ પાઠક, શ્રી દિપકભાઈ શેલત તેમજ ટ્રસ્ટી તરીકે શ્રી હીરેનભાઈ ભટ્ટની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

સંસ્થાની તાજેતરમાં યોજાયેલ વ્યવસ્થાપક સમિતીની મીટીંગમાં આગામી વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

શ્રી કમલેશભાઈ ભટ્ટ - પ્રમુખ શ્રી વિમલભાઈ પંડ્યા - ઉપપ્રમુખ શ્રી રાકેશ (તરલ) ભટ્ટ - મંત્રી શ્રી હેતલકુમાર ભટ્ટ - મંત્રી - શ્રી ઉદયભાઈ ભટ્ટ - ખજાનચી

## બેઝિક લાઈફ સપોર્ટ ટ્રેનિંગ

